"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

૭૫, सहजानंद शोपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे, शाहीबाग रोड, अहमदावाद-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241,
079-65449187 (M) 98240 39477

---

**રેફ. નં. : એજીટીટીએ/૨૦૧૬-૧૭/૧૭** **તા.૦૬-૦૨-૨૦૧૭**

***ખાસ જરૂરી***

**પ્રતિશ્રી,**
**માન.શ્રી નીતિનભાઈ પટેલ**
**માન.નાયબ મુખ્યમંત્રીશ્રી નાણા,**
**માર્ગ અને મકાન, પાટનગર યોજના**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

**વિષય : ૨૦૧૭-૧૮ના બજેટ પુર્વેની રજુઆતો**

**માનનીયશ્રી,**

સવિનય જણાવવાનું કે આજરોજ આપે ગાંધીનગર ખાતે બોલાવેલ મીટીંગમાં વેરા તથા તેનું સરળીકરણ તેમજ અન્ય બાબતોની થયેલ ચર્ચાઓ મુજબ અમારી નીચે મુજબની રજુઆત ધ્યાનમાં લઈ યોગ્ય કરવા વિનંતી.

૧. આપ જાણો છો તેમ દેશમાં સૌથી વધુ ટ્રકોની અવર-જવર નોર્થ સાઉથ કોરીડોરમાં નેશનલ હાઈવે ૮ ઉપર છે અને તે કોરીડોરમાં મહત્તમ ભાગ ગુજરાત રાજયમાંથી પસાર થાય છે, પણ આજુબાજુના રાજયોના પ્રમાણમાં ગુજરાત રાજયમાં ડિઝલનો ભાવ સૌથી વધારે છે આથી ગુજરાત રાજયમાંથી પસાર થતા વાહનો ગુજરાતમાંથી ડિઝલ ખરીદતા નથી. તેમજ ગુજરાત રાજયમાંથી પડોશમાં જે તે રાજયમાં વ્યવસાય કરતા ટ્રાન્સપોર્ટરને જે તે રાજયના ટ્રાન્સપોર્ટરો સાથે ખોટી હરીફાઈ ભોગવવી પડે છે. આજે **ગુજરાતમાં ડિઝલનો ભાવ રૂા.૬૫.૬૪** પ્રતિ લીટર છે જયારે **મહારાષ્ટ્રમાં રૂા.૬૩.૩૨ અને રાજસ્થાનમાં રૂા.૬૩.૨૮** છે.

   અમારી રજુઆત એવી છે કે જો ગુજરાતમાં ડિઝલનો ભાવ જે વેટના દરના હિસાબે ઉંચો છે જે રાજસ્થાન અને મહારાષ્ટ્રની સરખામણીમાં સમાનદર બને તો ગુજરાત રાજયમાં ડિઝલનું વેચાણ ખુબ વધે જેથી વેટના રાજસ્વમાં કોઈ ઘટાડો ન થાય અને અમારૂં પાકું અનુમાન છે કે જે જરૂર વધે.

૨. ટેક્ષ સરળીકરણ બાબતે અમારી રજુઆત નીચે મુજબ છે.
   તા.૦૧-૦૪-૨૦૧૦થી ૭૫૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુ સુધીના ગુડઝ વાહનો ઉપર લમસમ વેરો દાખલ કરાયેલો તેવી જ રીતે ૭૫૦૦ કિ.ગ્રા.થી વધુના ગુડઝ વાહનો માટે લમસમ વેરો મરજીયાત ધોરણે દાખલ કરવા ઘણી વખત ચર્ચાઓ થયેલ અને તે અર્થે અમારી રજુઆત નીચે મુજબ છે.
   અ) આ વ્યવસ્થા ફરજીયાત નહી પણ ઓછામાં ઓછા બે વર્ષ માટે મરજીયાત ધોરણે દાખલ કરવી જોઈએ.
   બ) ૭૫૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુ વાળા વાહનો મોટાભાગે કંપની દ્વારા બનાવેલ લોડ બોડી સાથેના હોય છે, જયારે તેનાથી વધારે જીવીડબલ્યુ વાળા વાહનો કાઉલ ચેચીસ, કેબીન ચેસીસ, કેબીન હોર્સ વગેરે જુદી જુદી પ્રકારના ઘણીબધી કંપનીઓ દ્વારા વેચાય છે.

      ખાસ કરીને ૧૬૨૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુ થી ૩૭૨૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુના રીઝીડ ચેચીસ વાળા વાહનો પ્રચલીત છે,જેમાં ગાડી માલીક તેમની જરૂરીયાત પ્રમાણે જુદી જુદી પ્રકારની **રૂા. દોઢ લાખથી રૂા.છ લાખ** સુધીની

"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट असोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામી નારાયણ મંદિરની સામે, શાહીબાગ રોડ, અહમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President : SHRI VASANBHAI G. AHIR (Gandhinagar) (O) 79-23250123/24 Fax : 79-23250125 (M) 99250 25148

Acting President : SHRI MAVJIBHAI B. DODIA (Rajkot) (O) 0281-2481900 Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary : SHRI MUKESHBHAI C. DAVE (Ahmedabad) (O) 02718-261516, 079-65449241, 079-65449187 (M) 98240 39477



લોડ બોડી બનાવે છે. તેવી જ રીતે ૩૦૦૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુ થી ૪૯૨૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુ વાળા ટ્રેઈલરોમાં **રૂા.૫ લાખથી રૂા.૧૫ લાખ** સુધીના જુદી જુદી જરૂરીયાત પ્રમાણે ટ્રેઈલર બનાવે છે.

આવી જ રીતે ઉપરોક્ત જણાવેલ જુદી જુદી કેટેગરીના વાહનો જુદી જુદી કંપનીઓ દ્વારા વેચવામાં આવે છે, જેમાં વાહનનું જીવીડબલ્યુ એક સરખું હોય છે પણ તેની કિંમતમાં ઘણો તફાવત હોય છે, જેમ કે એક જ પ્રકારના જીવીડબલ્યુ વાળા ટાટા કંપનીના વાહનની કિંમતમાં અને તેવા જીવીડબલ્યુ વાળા વોલ્વો કંપનીના વાહનની કિંમતમાં ઘણો તફાવત છે.

અત્યારના ટેક્ષ બંધારણમાં જે તે ગાડીના જીવીડબલ્યુના પ્રમાણે ટેક્ષ લેવાય છે, જ્યારે ૭૫૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુ સુધીના વાહનોમાં લમસમ ટેક્ષ કિંમતની ટકાવારીમાં લેવાય છે. જો આજ પધ્ધતિ ૭૫૦૦ કિ.ગ્રા.થી વધુ જીવીડબલ્યુ વાળા વાહનો માટે અપનાવવામાં આવે તો તેની કિંમતના પ્રમાણમાં એક સરખી જીવીડબલ્યુ વાળા વાહનોમાં વાહન ટેક્ષની રકમમાં મોટો તફાવત ઉભો થશે. તેથી તેનું કરમાળખું એવી રીતે વ્યવહારીક પણે બનાવવું જોઈએ.

૩. આર.ટી.ઓ. દ્વારા લેવાતા રોડટેક્ષ, જુદા જુદા પ્રકારની ફી, દંડકીય રકમ તેમજ ચેકપોસ્ટો ઉપર લેવાતી ફી તથા દંડકીય રકમ ઓનલાઈન ભરી શકાય તેવી વ્યવસ્થા તાત્કાલીક ધોરણે કરવી જોઈએ. ખાસ કરીને તા.૦૧-૦૪-૧૭થી ગુજરાતમાં રજીસ્ટર્ડ થયેલ વાહનનો વાર્ષિક કે અર્ધવાર્ષિક એડવાન્સ રોડટેક્ષ ભરવાનો થશે તે કેશલેશ સીસ્ટમને ધ્યાનમાં રાખી ઓનલાઈન ભરવાની વ્યવસ્થાની જોગવાઈ તુરત કરવાની જરૂર છે.

૪. જો કોઈ ગુડઝ વાહનોના વાર્ષિક રોડટેક્ષમાંની રકમ ભરવાની બાકી હોય તો આજસુધીની બાકી રકમ ઉપર વ્યાજ તથા દંડની રકમ માફ કરવાની સ્કીમ આપવા રજુઆત છે, જેથી બાકી લેણાંની વસુલાત થઈ શકે, તેમજ બાકી રહેલા ડીએ કેસની ટોકન રકમ લઈ માંડવાળ કરવા વિનંતી, જેથી પેન્ડિંગ કેસોનો નિકાલ થઈ શકે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(માનદમંત્રી)

**નકલ રવાના :**

૧. માન. શ્રી અનિલભાઈ મુકીમ સાહેબ-અધિક મુખ્ય સચિવ-નાણા વિભાગ-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨. માન. શ્રી વલ્લભભાઈ કાકડિયા-માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો)-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૩. માન. શ્રી વિપુલ મિત્રા સાહેબ-અગ્રસચિવ-બંદરો અને વાહન વ્યવહાર વિભાગ-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૪. માન. શ્રી આર.એમ. જાદવ સાહેબ-વાહનવ્યવહાર કમિશ્નરશ્રી,-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૫. માન. પ્રમુખશ્રી-ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ.